સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત


# સ્વામિનારાયણ પ્રકાશ

જાન્યુઆરી, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



**ચરોતરની ઐતિહાસિક નગરી નડિયાદમાં**
**મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયું**

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર







તીર્થધામ ગોંડલ ખાતે ૨૧ દિવસ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં દીપાવલી મહાપર્વ શૃંખલાની શાનદાર રંગત જામી હતી. ગુરુહરિની ઉપસ્થિતિમાં દેશ-પરદેશના હજારો હરિભક્તો અક્ષરદેરીમાં મહાપૂજાનો લાભ, સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાનાં દર્શન અને સંધ્યા સભાઓમાં વિવિધ પ્રેરક કાર્યક્રમો અને સ્વામીશ્રીની અમૃતવાણીનો લાભ પામીને કૃતાર્થ થયા હતા.





# સંપાદકીય

ક્રમિકા


૩. સંપાદકીય

૪ સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા: અમેરિકામાં ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ઘોષ કરીને ભારત પધારેલા મહંત સ્વામી મહારાજના અમદાવાદ, ગોંડલ અને બોચાસણમાં શાનદાર સ્વાગત સાથે યોજાયા વિવિધ કાર્યક્રમો

૧૩. ફીજી દેશના બા શહેરમાં રચાયું ભારતીય સનાતન સંસ્કૃતિનું જતન કરતું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર

૧૪. ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ હિપકિન્સ બી.એ.પી.એસ. મંદિર, ઓકલેન્ડની દર્શન-મુલાકાતે

૧૫. IIT ખડગપુર અને સરદાર પટેલ યુનિવર્સિટીએ ભદ્રેશદાસ સ્વામીને અર્પણ કરી માનદ પદવીઓ

૧૬. અક્ષરવાસ

૧૭. આવો, તીર્થભૂમિ અયોધ્યામાં શ્રીરામજન્મભૂમિ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા અવસરે આપણે સૌ આનંદોત્સવ કરીએ

૧૮. અભિનંદન

૧૮. જાહેરાત


મહાપુરુષોના સંકલ્પો અમર હોય છે. સમયની પેલે પાર જઈને પણ તે સિદ્ધ થઈને રહે છે. તાજેતરમાં નડિયાદમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલું શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તેનું એક વધુ ઉદાહરણ છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે અહીં આ શિખરબદ્ધ મંદિર રચાયું છે. વિશાળ ભૂમિ સંપાદન કરીને પ્રમુખસ્વામી મહારાજે અહીં આ મંદિરનું બીજ રોપ્યું હતું, તે આજે રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી નિર્મિત કલાત્મક મંદિર રૂપે મહોરી ઊઠ્યું છે.

નડિયાદ એટલે કે પ્રાચીન નટપુર. ઇતિહાસનાં અનેક અમર પૃષ્ઠો સંગ્રહીને બેઠું છે. સન ૧૮૨૬માં બ્રિટિશ ખ્રિસ્તી ધર્મગુરુ શ્રી બિશપ રેજિનાલ્ડ હિબર સાથેની ભગવાન સ્વામિનારાયણની મુલાકાત ગુજરાતના સાંસ્કૃતિક અને ધાર્મિક ઇતિહાસમાં એક અપૂર્વ માઇલસ્ટોન બનીને રહી છે. આજથી ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણે બિશપ હિબરને નાત-જાતથી પર રહીને સમદૃષ્ટિનો સંદેશ આપ્યો હતો, તે સંદેશ એ સમય કરતાં અનેક ગણો આગળ હતો. આ એ જ નડિયાદ છે જ્યાં એ સમયે નિમ્ન કુળના ગણાતા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે ચરોતરના ધુરંધરોને આધ્યાત્મિક બોધ આપીને પ્રભાવિત કર્યા હતા. અહીં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ભક્તરાજ દોલતરામ કૃપાશંકર પંડ્યા જેવા વિદ્વાન સાક્ષરોને ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત દૃઢ કરાવ્યો હતો. અહીં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પારાયણો અને જ્ઞાનસત્રો યોજીને સત્સંગની હરિયાળી બિછાવી હતી. આ બધાના પરિપાક રૂપે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અનેક વખત અહીં પધારીને એક સુંદર શિખરબદ્ધ મંદિર સાથે શિક્ષણ-સંસ્કારની યુતિ સમું સુંદર બી.એ.પી.એસ. છાત્રાલય સ્થાપ્યું હતું, જેનાં અનેક મધુર ફળો સમાજ ચાખી રહ્યો છે. નડિયાદી ભક્તોની સમર્પણ ભાવના અને ભક્તિને લક્ષ્યમાં રાખીને પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે અહીં વિશાળ ભૂમિ પર પથ્થરમાંથી નિર્મિત કલાત્મક મંદિર રચીને તેમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવવા છે. તેમનો આ સંકલ્પ પૂર્ણ કરીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે ગુરુચરણે એક વધુ અંજલિ અર્પી છે. તેની વિશેષ વિગતો આગામી અંકે જોઈશું. અમેરિકામાં રોબિન્સવિલ ખાતે રચાયેલ ભવ્ય અક્ષરધામની વિગતો લઈને ડિસેમ્બર-૨૦૨૩નો દળદાર અંક કાર્યકરો દ્વારા આપને ટૂંક સમયમાં પહોંચશે એ દરમ્યાન આ લઘુઅંક સાથે આપને જય સ્વામિનારાયણ. ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૧,**
**જાન્યુઆરી, ૨૦૨૪**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક** : સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



લેખો અંગે પત્રવ્યવહાર:
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**





## અમેરિકામાં ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ઘોષ કરીને ભારત પધારેલા

# મહંત સ્વામી મહારાજના શાનદાર સ્વાગત સાથે યોજાયા વિવિધ કાર્યક્રમો



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે યુ.કે., કેનેડામાં લાભ આપીને અમેરિકામાં સતત ત્રણ મહિના કરતાં વધારે સમય સુધી અક્ષરધામ મહોત્સવ ઊજવ્યો હતો. લાખો ભક્તોને પ્રેરણા આપતા આ મહોત્સવમાં પોતાની શીતળ છત્રછાયા દ્વારા સ્વામીશ્રીએ સૌને ધન્યતાથી છલકાવી દીધા હતા. અમેરિકાના રોબિન્સવિલમાં ભવ્ય અક્ષરધામ મહામંદિરની ભેટ ધરીને તા. ૧૮-૧૦-૨૦૨૩ના રોજ મધ્ય રાત્રિએ અમદાવાદ પધારેલા સ્વામીશ્રીનું સંતો-હરિભક્તોએ અનેરા ઉત્સાહ-ઉમંગથી સ્વાગત કર્યું હતું. ભવ્ય સ્વાગત સમારોહ સાથે અમદાવાદ ખાતે એક સપ્તાહ સુધી વિશ્રામ કરીને સ્વામીશ્રી તીર્થધામ ગોંડલ પધાર્યા હતા.

તા. ૨૪ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર, ૨૦૨૩ સુધી ગોંડલમાં બિરાજીને સ્વામીશ્રીએ શરદોત્સવ અને દીપાવલી પર્વોએ અનન્ય કૃપાલાભ આપ્યો હતો. ત્યારબાદ તા. ૧૫ નવેમ્બરથી ૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી તીર્થધામ બોચાસણ ખાતે દિવ્ય ઉત્સવ-પ્રસંગોની ઊજવણીમાં અનન્ય સત્સંગ લાભ આપીને સ્વામીશ્રીએ સેંકડો હરિભક્તો-ભાવિકોને સત્સંગ-ભક્તિમાં ઓતપ્રોત કરી દીધા હતા.

તાજેતરમાં અમદાવાદ, ગોંડલ અને બોચાસણમાં સ્વામીશ્રીની નિશ્રામાં ઊજવાયેલા વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોને માણીને હજારો હરિભક્તો-ભાવિકોએ કૃતાર્થતા અનુભવી હતી. સાથે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શનનો લાભ પણ પ્રાપ્ત કર્યો હતો. ઉપરોક્ત કેન્દ્રોમાં યોજાયેલા કાર્યક્રમોની અલ્પ ઝલક અહીં પ્રસ્તુત છે...

યુ.કે., કેનેડા અને અમેરિકામાં દિવ્ય આધ્યાત્મિક લાભ આપીને અમદાવાદ ખાતે પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સત્કારતી સ્વાગત-સભા તા. ૨૨-૧૦-૨૦૨૩ના રોજ 'પ્રમુખવાટિકા'માં યોજાઈ હતી. પ્રારંભમાં અક્ષરવત્સલદાસ સ્વામીએ રોબિન્સવિલ અક્ષરધામ મહામંદિર નિર્માણનો સંક્ષિપ્તમાં અહેવાલ આપ્યો હતો. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પણ અક્ષરધામનું મહિમાગાન કર્યું હતું.

નિયત સમયે સભામાં પધારેલા સ્વામીશ્રીએ સૌને સમીપદર્શન આપ્યાં. મંચ પર પધારેલા સ્વામીશ્રીનું વિવિધ રીતે સ્વાગત કરાયું. ૨૫,૦૦૦ સમૂહ આરતીના દીપકોથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુદેવને વધાવ્યા હતા.

આરતી બાદ બાળકો-કિશોરો-યુવકોએ પંચતત્ત્વોની પ્રસ્તુતિ દ્વારા સ્વામીશ્રીને અભિવંદ્યા હતા.

આજની સભાની વિશેષતા એ હતી કે હરિભક્તોએ ઘરે બેઠાં સ્વહસ્તે તૈયાર કરેલા ૧૫,૦૦૦ જેટલા કલાત્મક હાર સમર્પિત કરીને ઈષ્ટદેવ-ગુરુદેવનું અભિવાદન કર્યું હતું. સંતોએ પણ હારતોરા અર્પણ કરીને સ્વામીશ્રીને સત્કાર્યા હતા.

સ્વામીશ્રીનો કાયમી પ્રોજેક્ટ છે દરેકના હૃદયમાં અક્ષરધામ બનાવવું, ચૈતન્ય અક્ષરધામ બનાવવું. તેના પ્રતીકરૂપે સ્વામીશ્રીએ અંજનશલાકા ફેરવી સૌના હૃદયમાં અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવ્યા. અને આશીર્વાદમાં જણાવ્યું: ''બહારનું તો અક્ષરધામ થયું; તન-મન-ધન યાહોમ કરવાથી... અને અમે તો જોયું છે – રોબિન્સવિલ અક્ષરધામ! ત્યાં બાઈ-ભાઈ નાનાં-મોટાં બધ્ધાં મંડી પડ્યાં. શ્રીજીમહારાજે આ સ્વયંસેવકોમાં પ્રવેશ કરીને એવું સમર્પણ ઊભું કર્યું કે તેઓ પણ વારી જાય કે 'વાહ! કેવું સમર્પણ કર્યું છે!' બધાએ ગજબની ભાવના વ્યક્ત કરી! હદ વાળી છે સમર્પણની! તેને લીધે અક્ષરધામ ઊભું થયું છે. રોબિન્સવિલનું સમર્પણ અમે પ્રત્યક્ષ નજરે જોયું છે. એટલે એ બધું યાદ આવે. અક્ષરધામની ભૂમિમાં એટલું બધું સુખ સુખ છે. દિવ્યતા અને આનંદ આનંદ આનંદ છે.

હવે, બહારનું તો અક્ષરધામ બની ગયું, પણ અંદરનું અક્ષરધામ એના કરતાંય કઠણ છે. તેના માટે પાક્કી નિષ્ઠા જોઈએ. ધર્મ-નિયમ, આજ્ઞા અને ઉપાસના. તેમાં કાંઈ પોલ ના ચાલે. શ્રીજીમહારાજે નિયમ ઉપર બહુ ભાર મૂક્યો છે. અને પછી આપણાં મૂલ્યો: સંપ-સુહૃદભાવ-એકતા-દિવ્યભાવ-મહિમા. આ બધાં દૃઢ કરીને રાખવાં. આ બધું કરીએ ત્યારે અંદરનું અક્ષરધામ બને.''

## તીર્થધામ ગોંડલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં દીપાવલી પર્વની શાનદાર ઊજવણી...

### ■ આગમન

તા. ૨૪-૧૦-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમદાવાદથી હવાઈ માર્ગે રાજકોટ પધાર્યા હતા. અહીંથી હાઈ-વે મારફતે તીર્થધામ ગોંડલ પધાર્યા હતા.

ગોંડલ પધારેલા સ્વામીશ્રીનું સંતો-હરિભક્તોએ ભક્તિભાવથી સ્વાગત કર્યું હતું. સ્વામીશ્રીએ સૌનું સન્માન ઝીલતાં અક્ષરદેરી અને પ્રદક્ષિણાપથમાં ગુરુપરંપરાનાં દર્શન કર્યાં. આજે મંદિરના પ્રત્યેક ખંડમાં ભાવપૂર્વક ઠાકોરજી સમક્ષ ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ રચવામાં આવ્યો હતો. ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી પોડિયમ પર પધાર્યા. ગોંડલના વડીલ સંતોએ વિધ વિધ સુંદર પુષ્પહાર અને કલાત્મક હાર પહેરાવી સ્વામીશ્રીને આવકારી આશિષ લીધા. સ્વામીશ્રીના આગમન નિમિત્તે ભવ્ય આતશબાજીએ ધરા-ગગનને રોશનીથી ભરી દીધાં.

સ્વામીશ્રીના આગમન નિમિત્તે ઘણા ભક્તોએ વિવિધ તપ-વ્રત-ઉપવાસ અને ભજન-ભક્તિ કર્યાં હતાં. સ્વામીશ્રીએ તે તમામ ઉપવાસીઓનાં પારણાં માટેનું શરબત પ્રાસાદિક કર્યું.

સૌ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''અહીંયાં બધા ઘણા ઉત્સવો આવવાના છે. એ દરમ્યાન બધો ખૂબ આનંદ આનંદ રહેશે. અને આપણે ભક્તિસભર જીવન, આમ તો છે, પણ એનો આ દરમ્યાન વિશેષ આપણે લાભ લઈશું.'' સૌ પર કૃપાદૃષ્ટિ કરીને સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા.

### ■ ચંદ્રગ્રહણ સભા

તા. ૨૮-૧૦-૨૦૨૩ના રોજ રાત્રે ચંદ્રગ્રહણ નિમિત્તેની વિશિષ્ટ સભામાં ધૂન, કીર્તન, ક્વિઝ, પ્રસંગકથન, પ્રવચનો થયાં હતાં. આજનું ગ્રહણ રાત્રિના ૧૧:૩૦ વાગ્યાથી બીજા દિવસના સવારના ૩:૫૭ વાગ્યા સુધીનું હતું, તેથી સ્વામીશ્રીએ સંતો સાથે આધ્યાત્મિક ગોષ્ઠિ અને સંસ્થાકીય કાર્યો અંગે વિમર્શો કર્યા હતા.

રાત્રિના ૩:૦૫ વાગ્યે સ્વામીશ્રીના સભામાં પધાર્યા બાદ મુખ્ય કાર્યક્રમ રૂપે



પ્રશ્નોત્તરી યોજાઈ. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આયોજિત બધા જ ઉત્સવો-મહોત્સવોમાં સ્વામીશ્રીએ ખૂબ જ સેવા કરી છે, અગ્રણી ભૂમિકાઓ નિભાવી છે. તે મહોત્સવનાં દર્શાવાતાં ચિત્રો/ચલચિત્રોના આધારે આદર્શજીવનદાસ સ્વામી તથા વેદચિંતનદાસ સ્વામીએ પ્રશ્નોત્તરી કરીને સ્વામીશ્રીના હૃદયમાં રહેલી સેવાભક્તિનું રસપાન સૌને કરાવ્યું હતું.

અંતમાં ગ્રહણ સંબંધી નિયમો પાળવાનો સંદેશ સ્વામીશ્રીએ પાઠવ્યો હતો. ગ્રહણની મુક્તિની અંતિમ ક્ષણોમાં સ્વામીશ્રીએ ધૂનમાં જોડાઈને સૌને દર્શનસુખ આપ્યું હતું.

## ■ શરદપૂર્ણિમા સભા

તા. ૨૯-૧૦-૨૦૨૩, શરદ-પૂર્ણિમાના શુભ દિને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ૨૩૮મા પ્રાગટ્યોત્સવને વધાવતી ઉત્સવસભા યોજાઈ હતી. જેમાં 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી' અને 'પ્રગટ અક્ષરબ્રહ્મ મહંત સ્વામી મહારાજ'ના મહિમા અને ગુણલા સંતોના પ્રવચન અને વીડિયોની જુગલબંધી દ્વારા ગવાયાં. આ રજૂઆત બાદ ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી. બાળ-યુવાવૃંદે *'શરદપૂનમની રાતડી...'* કીર્તન પર નૃત્ય કરી વંદના કરી હતી.

નૃત્યાંજલિ બાદ સ્વામીશ્રીએ અમૃતવાણીમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો દિવ્ય મહિમા કહ્યો હતો. આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી સંગે ૧૦,૦૦૦થી વધુ હરિભક્તોએ પંચમ આરતી ઉતારી ગુણાતીત જન્મોત્સવને રંગેચંગે વધાવ્યો હતો.

## ■ ગુરુકુળ દિન

તા. ૩૧-૧૦-૨૦૨૩ના રોજ ગોંડલ ગુરુકુળના છાત્રોએ 'ગુરુકુળ દિન'ની ઉજવણી કરતા પ્રેરણાત્મક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરી હતી. બાળવૃંદે *'આનંદ આનંદ છાયો રે...'* કીર્તન પર નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. ગુરુકુળમાં અભ્યાસ કરી જ્વલંત સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપીને નવાજ્યા હતા અને સ્વામીશ્રીએ તેઓ પર અમીદૃષ્ટિ કરીને આશીર્વાદ

આપ્યા. એ જ રીતે ગુરુકુળનું નામ રોશન કરનાર વિદ્યાર્થિનીઓના પ્રતિનિધિઓએ ઇનામ સ્વીકારી સ્વામીશ્રીના દૃષ્ટિ-આશિષ ઝીલ્યા હતા. છાત્રોને અભ્યાસ કરવાની પ્રેરણા આપતાં સ્વામીશ્રીએ વચનો કહ્યાં હતાં.

### ■ રાજકોટ મંદિર રજતજયંતી ઉદ્‌ઘોષ સભા

તા. ૧-૧૧-૨૦૨૩ના રોજ 'રાજકોટ બી.એ.પી.એસ. મંદિર રજતજયંતી મહોત્સવ'નો ઉદ્‌ઘોષ કરતા વિશિષ્ટ સમારોહમાં વિવેકસાગરદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રૂપે રજૂ થયેલા સંવાદમાં રાજકોટ મંદિરના ઇતિહાસથી માંડીને આજ સુધીનો મહિમા સરસ રીતે વર્ણવાયો હતો. સંવાદના અંતમાં યુવાવૃંદે નૃત્ય રજૂ કર્યું હતું.

રાજકોટ બી.એ.પી.એસ. મંદિર રજતજયંતી મહોત્સવનો ઉદ્‌ઘોષ સ્વામીશ્રીએ દીપ-પ્રાગટ્ય કરીને તથા રજતજયંતી મહોત્સવની ધજા ફરકાવીને કર્યો હતો.

### ■ જૂનાગઢ છાત્રાલય ઉદ્‌ઘાટન સમારોહ

તા. ૨-૧૧-૨૦૨૩ના રોજ જૂનાગઢ ખાતે શિક્ષણ સાથે સંસ્કાર આપતાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલયનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં છાત્રાલયમાં બાળકોને કેવા હેત-પ્રીત સાથે સંસ્કાર અપાય છે? તેનાથી કેવા આદર્શ છાત્રોનું નિર્માણ થાય છે? તે છાત્રાલયના જ સત્ય પ્રસંગોના આધારે લિખિત એક સંવાદ દ્વારા પ્રસ્તુત થયું. છાત્રોની અનુભૂતિ *'અમે છાત્રાલયના ખોળે ખેલ્યા રે ખેલ્યા...'* કીર્તન પરના નૃત્ય દ્વારા પ્રસ્તુત થઈ.

જૂનાગઢ ખાતેના નૂતન છાત્રાલયની પ્રતિકૃતિનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું અને પુષ્પ પધરાવી તેને પ્રાસાદિક કર્યું હતું.

### ■ બાળ દિન

તા. ૪-૧૧-૨૦૨૩ના રોજ 'વાલી જાગૃતિ દિન' શીર્ષક હેઠળ 'બાળ દિન' ઊજવાયો હતો. સભાના મુખ્ય કાર્યક્રમ રૂપે 'સંસ્કાર્યા સંતતિઃ સદા' સંવાદ પ્રસ્તુત થયો, જેમાં વાલીઓને સદ્‌મૂલ્યો જીવનમાં અપનાવવાની પ્રેરણા અપાઈ હતી. સંવાદના અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

### ■ યુવા દિન

તા. ૫-૧૧-૨૦૨૩ના રોજ 'સંસ્કારોની ગંગોત્રી – યુવાસભા'. મધ્યવર્તી વિચાર સાથે 'યુવા દિન' ઊજવાયો હતો. સંવાદમાં સેવા, સંયમ, સંપ અને સત્સંગ જેવા વિષયોને વિવિધ પ્રેરણાત્મક પ્રસ્તુતિઓ દ્વારા રજૂ કરાયા હતા. યુવાવૃંદે *'યોદ્ધા યુવાનો મહંતસ્વામીના...'* કીર્તન પર જોશીલું નૃત્ય કર્યું હતું. અંતમાં, 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'નાં વચનોના આધારે સ્વામીશ્રીએ ચારેય મૂલ્યો દૃઢાવતાં આશીર્વાદ અર્પ્યા હતા.

### ■ વિશિષ્ટ સભા

તા. ૭-૧૧-૨૦૨૩ના રોજ 'પ્રમુખ ઍકેડેમી'ના વિદ્યાર્થીઓએ 'Cultivating PRAMUKHNESS' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી સભામાં વિવિધ પ્રેરક કાર્યક્રમોની પ્રસ્તુતિઓ દ્વારા સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

તા. ૮-૧૧-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ 'પ્રમુખ ઍકેડેમી' માટે તૈયાર કરવામાં આવેલી વેબસાઈટ 'www.pramukh.academy' તથા 'પ્રમુખવિઝન એપ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

### ■ દીપાવલી પર્વોની ઉજવણી

દીપાવલી એટલે હિન્દુ સંસ્કૃતિનો મહાઉત્સવ. ગોંડલ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં દીપાવલીના ઉત્સવોનો મંગલ પ્રારંભ થયોઃ રમાએકાદશી-વાઘબારશથી. આજના દિનથી સમગ્ર મંદિર પરિસર રંગબેરંગી ટમટમતા વિદ્યુત દીપકો અને કલાત્મક રંગોળીઓથી સજી ઊઠ્યું હતું.

૧૦-૧૧-૨૦૨૩, ધનત્રયોદશીના શુભ દિને સ્વામીશ્રીએ ભગવાનના અલંકારોનું પૂજન કરીને સૌ હરિભક્તો 'તને, મને, ધને સુખી થાય અને સૌના દેશકાળ સારા થાય.' તેવા શુભાશિષ અર્પ્યા હતા.

તા. ૧૧-૧૧-૨૦૨૩, કાળી-ચૌદશના દિને સ્વામીશ્રીએ અબુધાબી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની ધજાઓ પર ચંદનના ચાંદલા કરીને તથા ધજાદંડ અને સુવર્ણરસિત કળશોનું પૂજન કર્યું હતું. તથા પ્રેમપૂર્વક સ્પર્શીને તેને પ્રસાદીના કર્યા હતા. સાથે સાથે, થ્રીડી પ્રિન્ટિંગ દ્વારા તૈયાર થયેલા 'The Wall of Harmony' મોડલનું પૂજન કર્યું હતું. તેનો પૂર્વવિધિ વિવેકસાગરદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી અને વડીલ સંતોએ કર્યો હતો.

#### ● નૌતમ આજ દિવાળી...

તા. ૧૨-૧૧-૨૦૨૩ના રોજ દિવાળીના પવિત્ર દિને સ્વામીશ્રીએ અક્ષરદેરીમાં મહાપૂજા અંતર્ગત ચોપડા પૂજન, શારદા પૂજન અને લક્ષ્મી પૂજન નિમિત્તેનો પ્રધાન સંકલ્પ કરીને મહાપૂજા કરી હતી.

સાયંકાળે ચોપડા પૂજનનો મંગલ અવસર યોજાયો હતો. પૂજ્ય

વિવેકસાગરદાસ સ્વામી અને વડીલ સંતોએ પ્રારંભિક પૂજનવિધિ કરાવ્યો હતો. ત્યારબાદ શેષવિધિ અંતર્ગત સ્વામીશ્રીએ કાળીચૌદશ નિમિત્તે હનુમાનજીનું અર્ચા સહિત પૂજન કર્યું. શારદા પૂજન અને લક્ષ્મીપૂજન નિમિત્તેનો સંકલ્પ કર્યો. સુવર્ણ સિક્કા ઉપર પુષ્પ પધરાવી લક્ષ્મીજીનું પૂજન કર્યું. ચોપડાઓ ઉપર પુષ્પ અને અક્ષત વરસાવી ચોપડા પૂજન કર્યું. અંતે સૌ પર કૃપાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''દિવાળીના દિવસો ચાલે છે. બધાને આશીર્વાદ છે કે તમારી દિવાળી, નવું વર્ષ, તમારા ચોપડા શુભ લક્ષ્મીથી ભરેલા હોય અને બધા તને, મને, ધને ખૂબ સુખી થાઓ. ઠાકોરજી તમારા બધા પર ખૂબ દૃષ્ટિ કરશે. નવું વરસ ખૂબ આનંદદાયક વીતશે અને બધાના શુભ સંકલ્પો પાર પડશે.''

### ● અન્નકૂટોત્સવ

તા. ૧૩-૧૧-૨૦૨૩, આજે અન્નકૂટોત્સવ ઊજવાયો હતો. અન્નકૂટના દર્શનાર્થે પધારેલા હરિભક્તો-ભાવિકો સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન માટે સભામંડપમાં પધાર્યા ત્યારે મંચ ભાતભાતની વાનગીઓથી હર્યોભર્યો હતો. તેની મધ્યે બિરાજીને સ્વામીશ્રીએ સૌને પ્રાતઃ પૂજાદર્શનનો લાભ આપ્યો. પૂજા બાદ સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ પાઠવતાં જણાવ્યું: ''સૌથી પહેલાં બધા હરિભક્તો-સંતો માટે ભક્તિ માગીએ. કેમ કે, ભક્તિ શ્રીજીમહારાજને વહાલી છે. એટલે બધાના હૃદયમાં ભક્તિ દૃઢપણે સ્થાપિત થઈ જાય. અને મહારાજ-સ્વામી સિવાય બીજું કાંઈ ખપે નહીં, એવી રીતે દૃઢતા આવે.

બધા હરિભક્તો તને-મને-ધને સુખી થાય. પોતપોતાના વ્યવસાયમાં ખૂબ આગળ વધે. કેમ કે તમારું છે એ ભગવાનનું છે. તમારે હશે તો ભગવાનની સેવા કરશો. એટલે એ પ્રમાણે બધા હરિભક્તો સુખી થાય એ જ ભગવાનનાં ચરણોમાં પ્રાર્થના.''

આજે અક્ષરમંદિર, અક્ષરદેરી અને યોગીજી મહારાજ સ્મૃતિમંદિરમાં વિવિધ વાનગીઓનો અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ ત્રણેય સ્થાનોમાં થાળગાન બાદ અન્નકૂટ સાથે ઠાકોરજીની આરતી ઉતારી ભક્તિભાવ અર્પ્યો હતો.

### ● નૂતન વર્ષારંભ

તા. ૧૪-૧૧-૨૦૨૩ના શુભ દિનથી વિક્રમ સંવત ૨૦૮૦ના વર્ષનો પ્રારંભ થયો હતો. નૂતન વર્ષની મંગલ પ્રભાતે સ્વામીશ્રીએ અક્ષરદેરી, અક્ષરમંદિર અને સ્મૃતિમંદિરમાં દર્શન કરીને, સૌની મંગલ કામના માટે પ્રાર્થના કરી. મંદિરના મધ્યખંડમાં પ્રથમ આરતી ઉતારી. ત્યારબાદ પૂજાદર્શન આપ્યાં. પૂજામાં સારંગપુરના સંગીતજ્ઞ સંતોએ નૂતન વર્ષની પ્રાર્થનાઓ સાથે પ્રાપ્તિના કેફનાં કીર્તનોનું ગાન કર્યું. તે સાથે બાળકોએ અક્ષરમંદિરનાં પ્રાસાદિક સ્થાનોનો મહિમા મુખપાઠમાં વર્ણવ્યો.

પૂજા બાદ આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''નવા વર્ષના જય શ્રી સ્વામિનારાયણ. શ્રીજીમહારાજ અનંત બ્રહ્માંડ ભેદીને આ પૃથ્વી ઉપર પોતાની નિષ્ઠા કરાવવા માટે આવ્યા છે. દરેક જીવને અતિ અતિ સુખિયા કરવા છે, એટલા માટે નિષ્ઠાની જરૂર છે. માટે તમારે નિષ્ઠા પાકી, દૃઢ કરવી. એ જ આખા વર્ષનું ભાથું!''








# તીર્થધામ બોચાસણમાં દિવ્ય સત્સંગ સભાઓમાં સ્વામીશ્રીનો અનન્ય કૃપાલાભ

## ■ આગમન

તા. ૧૫-૧૧-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ગોંડલના સંતો-હરિભક્તોની ભાવભરી વિદાય લઈને હવાઈ માર્ગે બી.એ.પી.એસ. સંસ્થાના આદિ તીર્થધામ બોચાસણ પધાર્યા હતા. ચાર વર્ષના અંતરાલ બાદ બોચાસણ પધારેલા સ્વામીશ્રીને સંતો-હરિભક્તો અને ગ્રામજનોએ અનેરા ભક્તિભાવથી સત્કાર્યા હતા.

સૌનો ભક્તિભાવ ઝીલતાં સ્વામીશ્રીએ 'અભિષેક મંડપમ્'માં અને મંદિરમાં ઠાકોરજીનાં ભક્તિભાવથી દર્શન કર્યાં. દર્શનવિધિ બાદ વેદજ્ઞદાસ સ્વામી અને અન્ય વડીલ સંતોએ વિધવિધ હાર પહેરાવી સ્વામીશ્રીને બોચાસણના આંગણે આવકાર્યા હતા.

## ■ બાળ દિન

તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજ બાળકોએ 'બાળ દિન' ઊજવ્યો હતો. બોચાસણ ખાતે પ્રથમવાર યુગલમૂર્તિ પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજને *'સપનું છે કે શું?'* કીર્તન પર નૃત્ય કરી વધાવ્યા હતા.

બાળ દિનની સમગ્ર રજૂઆત 'સત્સંગદીક્ષા શાસ્ત્ર' આધારિત હતી. તેથી સત્સંગદીક્ષાના શ્લોકોના આધારે બાળકોએ પ્રસ્તુતિઓ કરી. પ્રેરક પ્રસ્તુતિઓ પરથી વાણી અને વર્તનમાં વિવેક રાખવાનો બોધ અપાયો. નિર્બળ ન થવું ને ભય ન પામવો તે સત્સંગદીક્ષાના ઉપદેશને 'ડુંગર ભગત રાત્રે એકલા ચાલતા ખેતરે ગયા' તે પ્રસંગ દ્વારા સુદૃઢ કરાયો. બાળમંડળનો પરિચય-વીડિયો દર્શાવવામાં આવ્યો.

પ્રશ્નોત્તરી દરમ્યાન સ્વામીશ્રીએ અભ્યાસલક્ષી માર્ગદર્શનની સાથે સાથે જીવનમાં આળસ-કુસંગનો ત્યાગ કરવો અને નિયમ-ધર્મમાં સારી રીતે વર્તી બધા સારા થાવ, આદર્શ થાઓ એવા આશીર્વાદ આપ્યા હતા.

તાજેતરમાં ઉત્તરાખંડમાં એક ટનલના ખોદકામ દરમ્યાન થયેલા ભૂસ્ખલનમાં ૪૦ જેટલા મજૂરો ફસાયા

હતા. થોડા દિવસ તો ભોજન અને ઑક્સિજન ચાલી જાય તેમ હતાં પરંતુ પછીની પરિસ્થિતિ કટોકટીની હતી. સ્વામીશ્રી આ બધી વિગત જાણીને ચિંતિત થઈ ગયા હતા. અને બધા મજૂરો જીવિત અને હેમખેમ બહાર આવી જાય તે માટે તેઓએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી હતી.

## ■ લાભપંચમી

તા. ૧૮-૧૧-૨૦૨૩ના રોજ લાભ પાંચમીનો અતિ શુભદિવસ હતો. સવારે સ્વામીશ્રીએ પ્રાતઃ પૂજા બાદ આશીર્વાદ અર્પતાં કહ્યું, ‘‘આપણે તો સદાય સદાય લાભમાં જ છીએ. પણ વિધિ પ્રમાણે, રીતરિવાજ પ્રમાણે આ લાભ પાંચમનું પર્વ ઊજવાય છે તો બધાં તને, મને, ધને સુખી થાય એ પ્રાર્થના. આમ તો નિષ્ઠાના બળે આપણે રોજ રોજ દિવાળી છે. એટલે સત્સંગી માટે અને નિષ્ઠાવાળા બધાને રોજ દિવાળી, રોજ લાભ પાંચમ, રોજ બેસતું વર્ષ જ છે.’’

## ■ યુવા દિન

આજે સાયંકાળે યુવકોએ સભામાં વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમની પ્રસ્તુતિઓ કરીને ‘યુવા દિન’ ઊજવ્યો હતો. ‘સુરક્ષાચક્ર’ સંવાદમાં બી.એ.પી.એસ.નાં યુવા-યુવતીઓ નિયમ-ધર્મ પાળે છે તો તેઓને થયેલા અલૌકિક ફાયદાની વાત રજૂ થઈ હતી. સંવાદ બાદ યુવાવૃંદે *‘હમ હૈં બી.એ.પી.એસ. કે યુવા...’* કીર્તન પર જોશભર્યું નૃત્ય કરી બી.એ.પી.એસ.ના યુવાનોની ખુમારી દર્શાવી હતી. નૃત્યની સમાપ્તિ બાદ યુવકોએ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરીને અમૂલ્ય માર્ગદર્શન મેળવ્યું હતું.

## ■ રવિસભા

તા. ૧૯-૧૧-૨૦૨૩ના રોજ ‘સત્પુરુષના ગુણો’ પર પ્રકાશ પાથરતી રવિસભા યોજાઈ હતી. પરમ પૂજ્ય સ્વામીશ્રીના વિશેષ ગુણો પર પ્રકાશ પાથરતા શ્રુતિપ્રિયદાસ સ્વામીએ ‘સ્વામીશ્રીનું નિર્દંભપણું’, વિનયપ્રિયદાસ સ્વામીએ ‘સ્વામીશ્રીની ‘નિર્માનિતા તથા સરળતા’, વેદનયનદાસ સ્વામીએ ‘સ્વામીશ્રીની અહંશૂન્યતા’ અને ગુરુમનનદાસ સ્વામીએ ‘સ્વામીશ્રીના નિર્લેપપણા’ના સ્વાનુભૂત પ્રસંગો કહ્યા હતા. પ્રાસંગિક પ્રવચનો બાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ સત્સંગનો મહિમા દૃઢાવતાં અમૂલ્ય પ્રેરણાવચનો કહ્યાં હતાં.

## ■ શાક-હાટડી ઉત્સવ

તા. ૨૩-૧૧-૨૦૨૩, પ્રબોધિની એકાદશીના પવિત્ર દિને સ્વામીશ્રીની પાવન નિશ્રામાં અસંખ્ય હરિભક્તો-ભાવિકોએ શાક-હાટડી ઉત્સવનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

સ્વામીશ્રીની પ્રાતઃ પૂજાનું મંચ પણ વિવિધ શાકભાજીથી સુંદર રીતે મઢ્યું હતું. તેની મધ્યે બિરાજીને સ્વામીશ્રીએ સૌને પૂજાદર્શન આપ્યાં. સંગીતજ્ઞ સંતોએ ઉત્સવને અનુરૂપ કીર્તનોનું ગાન કરીને પ્રબોધિનીને વધાવી. પૂજા બાદ સ્વામીશ્રીએ વિવિધ શાક દર્શાવી દિવ્ય સ્મૃતિ આપી હતી.

આજના ઉત્સવની ઉજવણી કરતા મંદિરના પ્રત્યેક ખંડમાં ભગવાનની સમક્ષ વિવિધ લીલાં શાકભાજી દ્વારા શાકોત્સવની સુંદર ભક્તિમય રચના કરવામાં આવી હતી. વિવિધ શાકનો ઉપયોગ કરીને સર્જન કરેલી કલાત્મક કૃતિઓને નિહાળી સ્વામીશ્રી અતિ પ્રસન્ન થયા. દર્શન બાદ સંપ્રદાયની પરંપરા મુજબ સ્વામીશ્રીએ શેરડીના સાંઠા સાથે જોડેલા સૂકા નાળિયેરના અર્ધ કાચલામાં કપાસના બીજ સાથેના રૂમાંથી પ્રગટાવેલી આરતીથી ઠાકોરજીને વધાવ્યા. અન્ય ખંડોમાં પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ આરતી ઉતારી હતી.

મંદિરના પ્રાંગણમાં વિવિધ શાકભાજી વડે બનાવવામાં આવેલી અક્ષરદેરીની સુંદર રંગોળી પર સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી, રાજીપો વ્યક્ત કર્યો હતો.

## ■ દેવદિવાળી

તા. ૨૭-૧૧-૨૦૨૩, કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર દિવસે સ્વામીશ્રીના સાંનિધ્યમાં સેંકડો હરિભક્તો-ભાવિકોએ દેવદિવાળી પર્વનો અનેરો આનંદ માણ્યો હતો. મંદિરના ચોકમાં દીપાવલીના મર્મને રજૂ કરતી દીપકની સુંદર રંગોળી પૂરવામાં આવી હતી. કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર પર્વે ગુરુપરંપરાના ખંડોમાં ફળફળાદિનો કૂટ અને મંદિરમાં મૂર્તિઓ સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ અન્નકૂટોત્સવની આરતી ઉતારી. અભિષેક મંડપમ્‌માં નીલકંઠવર્ણીનો અભિષેક કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

દેવદિવાળી પર્વ નિમિત્તેની વિશિષ્ટ સભા સ્વામિનારાયણ બાગમાં યોજાઈ હતી. પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતા કે ‘આપણી સંસ્થાનો વિકાસ સાધુતાથી થયો છે.’ આ વચનો આજની સભાના કાર્યક્રમનો મધ્યવર્તી વિચાર હતાં. આ વિચારને દૃઢાવતા અનિર્દેશદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રવચનો કર્યાં હતાં. તેને પુષ્ટિ આપતાં વરિષ્ઠ સંતોએ બોધવચનો પાઠવ્યા હતાં. વિષયને સુસંગત મહંત સ્વામી

મહારાજની અજોડ સાધુતાનો વીડિયો દર્શાવાયો હતો.

નિયત સમયે સભામાં પધારેલા સ્વામીશ્રીને સૌએ હર્ષભેર વધાવ્યા હતા. આજે સ્વામીશ્રીએ અટલાદરા (વડોદરા) સ્થિત શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલના કૅથલેબ વિભાગની પ્રતિકૃતિનું નાડાછડી છોડીને અનાવરણ કર્યું હતું. તેના પર પુષ્પપાંદડી વરસાવી વિશેષ આશીર્વાદ અર્પ્યા હતા.

પૂજ્ય ડૉક્ટર સ્વામીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ બાળ-યુવાવૃંદે 'અક્ષરપુરુષોત્તમના ડંકા દિગંતમાં સંભળાય છે...' કીર્તન પર ભક્તિનૃત્ય કર્યું. નૃત્ય દરમ્યાન સ્વામીશ્રીએ બેલ વગાડી ખૂબ સરસ સ્મૃતિ અર્પી હતી.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વર્ષા કરીઃ ''શ્રીજીમહારાજ કર્તાહર્તા છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'મારી શક્તિ ખેંચી લઉં તો આખું બ્રહ્માંડ ગંધાઈ ઊઠે.' એવી અક્ષરબ્રહ્મની શક્તિ છે. મહારાજ-સ્વામી અનાદિ છે. એમના વડે બધું ચાલે છે. એ આપણે જીવમાં દૃઢ દૃઢ કરી રાખવાનું. નિષ્ઠા સચોટ દૃઢ કરવી તો તમે જગ જીત્યા, ત્યારે ડંકો વાગશે. પણ નિષ્ઠામાં જરા પોલ હશે તો ડંકો નહીં વાગે. કાંઈ નહીં થાય. અને જો મહારાજ-સ્વામીની નિષ્ઠા દૃઢ હશે તો એક ટાંકણીથી પણ ડંકો વાગશે!''

## ■ પદવીદાન સમારોહ

તા. ૨૯-૧૧-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં, સારંગપુર ખાતે ચાલી રહેલા યુવા તાલીમકેન્દ્રની વર્તમાન ૨૬મી બૅચનો પદવીદાન સમારોહ યોજાયો હતો. આજના દિવસે સવારથી જ તાલીમાર્થી યુવકોનું સામ્રાજ્ય છવાયું હતું. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં યુવકોએ કીર્તન-ભક્તિ રજૂ કરી હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ યુવકોને આપવામાં આવનાર સ્મૃતિભેટ, પ્રણાણપત્ર વગેરે પ્રસાદીભૂત કર્યાં હતાં.

પરમ પૂજ્ય સ્વામીશ્રીનો આભાર પ્રકટ કરતો 'Thank You Swami' કેન્દ્રવર્તી વિચાર સાથે સાયંકાળે પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં યુવકોએ પ્રેરણાત્મક સ્કિટ રજૂ કરી હતી. યજ્ઞપ્રિયદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. યુવકોએ *'સપનું છે કે શું?'* કીર્તનના તાલે જોમભર્યું ભક્તિનૃત્ય કરીને ઇષ્ટદેવ-ગુરુદેવને વધાવ્યા હતા. અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતી-અર્ઘ્ય અર્પ્યા બાદ યુવા તાલીમકેન્દ્રના સંચાલકો પૈકીના એક મુખ્ય હરિભક્તે તાલીમકેન્દ્રની પ્રવૃત્તિઓ અને તેની સફળતાની ઝાંખી કરાવી હતી.

કેન્દ્રવર્તી વિચારને અનુસરતા એક યુવકે સ્વામીશ્રીએ તેમના પર કરેલા અનેક ઉપકારોનું સ્મરણ કરીને હૃદયપૂર્વક આભાર માન્યો હતો. યુવા તાલીમકેન્દ્રની ફળશ્રુતિઓ અને તે બદલ સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કરતાં વિવિધ પ્રસ્તુતિઓ થઈ હતી. યુવકોએ વિવિધ પ્રાર્થનાઓ રજૂ કરીને સ્વામીશ્રીનું માર્ગદર્શન ઝીલ્યું. યુવકોએ ભૂતકાળમાં થયેલી ભૂલો બદલ ક્ષમાયાચતા પત્રો લખ્યા હતા. કુંભમાં રહેલા એ તમામ પત્રોનો સ્પર્શ કરીને સ્વામીશ્રીએ બધી ભૂલો માફ કરી હતી.

યુવકોએ સત્સંગના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે કરેલા પ્રચંડ પુરુષાર્થનો મહિમા કહ્યો. સાથે સાથે સત્સંગના પાયાના હરિભક્તોનું સ્મરણ કરીને તેઓની ખુમારીના પ્રસંગો કહ્યા હતા. અંતમાં સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી યુવકોને જીવનભરનું ભાથું બાંધી આપતાં સત્સંગમાં દૃઢ રહી નિયમ-ધર્મયુક્ત જીવન જીવવા પ્રેરક-બોધ પાઠવ્યો હતો.

## ● બી.એ.પી.એસ. મંદિર, જોધપુર - સ્તંભપૂજન

તા. ૩૦-૧૧-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ રાજસ્થાનના જોધપુર ખાતે નિર્માણાધીન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સ્તંભોનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું. અહીં લવાયેલા બંને સ્તંભો પર સ્વામીશ્રીએ ચંદનના ચાંદલા કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ સહ આરતી ઉતારી હતી. પૂજન બાદ ત્યાંથી પધારેલા હરિભક્તોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

ગોંડલ અને બોચાસણ ખાતેના સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોના હરિભક્તોએ ગુરુહરિનું સ્વાસ્થ્ય નિરામય રહે તે માટે વ્રત-તપ-ઉપવાસ તથા પદયાત્રાઓ કરીને ઠાકોરજીનાં શ્રીચરણોમાં ભક્તિ સમર્પિત કરી હતી.

બોચાસણ ખાતે સત્સંગ લાભ આપીને સ્વામીશ્રી, નડિયાદ પધારતા પૂર્વે વિદ્યાધામ વલ્લભવિદ્યાનગર ખાતે સૌને દર્શનલાભ આપીને શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થળ મહેળાવ પધાર્યા હતા. અહીં ઠાકોરજીનાં દર્શન તેમજ સંતો-હરિભક્તોને દર્શનલાભ આપીને બી.એ.પી.એસ. મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં લાભ આપવા માટે નડિયાદ પધાર્યા હતા. અહીં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં શિખરબદ્ધ મંદિરનો પ્રતિષ્ઠા-મહોત્સવ ઊજવાયો હતો, તેનો અહેવાલ આવતાં અંકમાં માણીશું... ◆

# ફીજી દેશના બા શહેરમાં રચાયું ભારતીય સનાતન સંસ્કૃતિનું જતન કરતું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર





દક્ષિણ પેસેફિકમાં ૩૦૦ ટાપુઓના બનેલા ફીજી દેશમાં ૪૩ ટકાથી વધારે વસતી હિન્દુઓની છે. ઠેર ઠેર દરિયાકિનારા અને કુદરતી હરિયાળીના સૌંદર્યને લીધે વિશ્વભરના સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર બનેલા આ દેશમાં છેલ્લા ચારેક દાયકાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ ગતિમાન છે.

ફીજી દેશમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સન ૧૯૮૪માં પધાર્યા હતા ત્યારે નાન્દીમાં કનુભાઈના નિવાસસ્થાને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી હતી. ત્યારબાદ અવારનવાર સદ્‌ગુરુ સંતો અને સંતમંડળોનું વિચરણ જુદા જુદા ટાપુઓ પર વસેલા નાન્દી, બા, નૌસુરી, લટોકા, સુવા અને સિંગાટોકા તેમજ અન્ય શહેરોમાં યોજાતું રહ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી એશિયા-પેસેફિક દેશોમાં વિચરણ કરતા સંતો અહીં નિયમિત પધારીને સત્સંગલાભ આપે છે. સાથે સાથે સ્થાનિક સંનિષ્ઠ કાર્યકરોના ઉત્તમ પ્રયાસના પરિણામ સ્વરૂપે અહીં પેઢીઓથી સ્થાયી થયેલા ભારતીય પરિવારોમાં સત્સંગની ભાગીરથી વહેતી થઈ છે.



સૌની ભક્તિને વિશેષ પરિપોષિત કરવા અહીં એક મંદિરની જરૂરિયાત ઊભી થઈ. હરિભક્તોના ભક્તિસભર પુરુષાર્થથી બા શહેરના વરડોલી વિસ્તારમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું. આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૩-૯-૨૩ના રોજ માંગલિક પ્રભાતે શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. શાસ્ત્રોક્ત વૈદિક પરંપરા અનુસાર યોજાયેલા આ મહાયજ્ઞના વિધિ અનુસાર સૌએ હૂતદ્રવ્યો અર્પણ કરીને ધન્યતા અનુભવીને પ્રાર્થના કરી હતી. ફીજીમાં કાર્યરત ભારતના હાઈ કમિશનર શ્રી પી. એસ. કાર્તિગેયને પધારીને યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

ત્યારબાદ મધ્યાહ્‌ને વિવિધ કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા શહેરના માર્ગો પર શાનદાર રીતે યોજાઈ હતી. ઠેર ઠેર ભારતીય સમાજના ભક્તો અને ભાવિકોએ ઉપસ્થિત રહીને શોભાયાત્રાને વધાવી હતી. ભજનભક્તિ અને જયનાદથી ગુંજતી આ નગરયાત્રાને નિહાળીને સૌમાં અનોખા ઉત્સાહનો સંચાર થયો હતો. આજે બા ટાઉન કાઉન્સિલના વિશેષ વહીવટી અધ્યક્ષ શ્રી અનિલ અમીન

ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અગાઉ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અમદાવાદમાં તા. ૨૫-૬-૨૦૨૨ના રોજ બા શહેરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનો વૈદિક મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કર્યો હતો. તે મૂર્તિઓનો સ્થાપનવિધિ અહીં તા. ૨૪-૯-૨૦૨૩ના રોજ વૈદિક મહાપૂજા બાદ ભક્તો અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં પૂજ્ય પરમચિંતનદાસ સ્વામી અને અન્ય સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ પ્રેરક ઉદ્બોધનમાં ભારતીય સનાતન સંસ્કૃતિ તથા મંદિરનો મહિમા તથા આ મંદિરના પ્રેરક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં જીવન અને કાર્યને વર્ણવ્યું હતું. આ સભામાં ફીજી દેશના નાયબ વડાપ્રધાન શ્રી પ્રો. બિમનપ્રસાદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રાસંગિક ઉદ્બોધનમાં આધ્યાત્મિક અને સામાજિક ઉન્નતિ માટે લોકોમાં અનેકવિધ તક પ્રદાન કરનારા આ નૂતન મંદિરને તેમજ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ગતિમાન અનેકવિધ સામાજિક સેવાપ્રવૃત્તિને પણ બિરદાવી હતી. ◆

## ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ હિપકિન્સ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ઓકલેન્ડની દર્શન-મુલાકાતે





૮ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ ઓકલેન્ડ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ભક્તો-ભાવિકોએ ઉલ્લાસભેર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૯૦મા જન્મજયંતી મહોત્સવની શાનદાર ઉજવણી કરી હતી. આ અવસરે ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન શ્રી ક્રિસ હિપકિન્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે લેબર પાર્ટીના સાંસદ ડૉ. એની નેરુ લેવાસા, વાનુશી વોલ્ટર્સ તેમજ લેબરપાર્ટીના નેતા શ્રી ખડગસિંહ પણ પધાર્યા હતા. મંદિરના મુખ્યદ્વાર પર તેઓનું ભારતીય પરંપરા અનુસાર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

મહાનુભાવોએ મંદિરનાં દર્શન કરીને શ્રી નીલકંઠવર્ણી પર જળાભિષેક કરીને પ્રાર્થના કરી હતી. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સૌ સામેલ થયા હતા. વડાપ્રધાનશ્રીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં પ્રથમ વેલિંગ્ટનમાં બી.એ.પી.એસ. મંદિરની તેમની મુલાકાતને યાદ કરીને ત્યાં નિર્માણાધીન મંદિર માટે અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ગતિમાન અનેકવિધ સેવાકાર્યોની પ્રશંસા કરીને વધુમાં તેમણે જણાવ્યું, ''બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા લોકોને એકબીજાની નજીક લાવવામાં અને હિન્દુ સમુદાયને પ્રેરણા આપીને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તમે મૂલ્ય-આધારિત આધ્યાત્મિક સંસ્કાર આપો છો અને લોકોને સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોને જાળવવા પ્રેરણા આપવા માટે ભૂમિકા પૂરી પાડો છો. તમે અહીંના સમાજમાં જે કાર્ય કરો છો તે બદલ હું તમને બિરદાવું છું.''

પ્રધાનમંત્રીશ્રીની વિદાય બાદ આ સભા કાર્યક્રમમાં પ્રેરક પ્રવચનો, વિશિષ્ટ સંવાદો દ્વારા ગુરુહરિ મહંત સ્વામી મહારાજના ગુણો અને તેઓએ વહાવેલી નિઃસ્વાર્થ સેવાઓનું સ્મરણ કરીને સૌએ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું. અંતે હરિભક્તોએ આરતી અને મંત્ર પુષ્પાંજલિ અર્પણ કરીને આજની યાદગાર સભાનું સમાપન કર્યું હતું. ◆

# IIT ખડગપુર અને સરદાર પટેલ યુનિવર્સિટીએ ભદ્રેશદાસ સ્વામીને માનદ પદવીઓ આપી બી.એ.પી.એસ. સંસ્થાનું ગૌરવ વધાર્યું...

મહાન સંતવિભૂતિ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૧૦૨મા જન્મદિવસની ઉજવણી દરમિયાન સુરત ખાતે આયોજિત એક સમારોહમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વડા પૂજ્ય મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં વિદ્વાન સંત, મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને સંસ્કૃત સાહિત્ય અને વૈદિક જ્ઞાનમાં તેમના ગહન યોગદાનને બિરદાવવા માટે 'ડૉક્ટર ઓફ સાયન્સ' (D.Sc.) અને 'ડૉક્ટર ઓફ લિટરેચર' (D.Lit.) બે પ્રતિષ્ઠિત માનદ પદવીઓ આપીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત જગતના ઇતિહાસમાં આ એક વિરલ બહુમાન છે.

વિશ્વ પ્રસિદ્ધ IIT ખડગપુરના ૬૯મા દીક્ષાંત સમારોહમાં તેમના નોંધપાત્ર યોગદાનને બિરદાવતાં ભારતના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ જાહેર કરાયેલ આ ડૉક્ટર ઑફ સાયન્સ (D.Sc.) બહુમાન, IIT ખડગપુરના ડાયરેક્ટર પ્રો. વીરેન્દ્રકુમાર તિવારી, ડીન શ્રી કમલ લોચન પાણિગ્રહી અને રજિસ્ટ્રાર શ્રી બિશ્વજિત ભટ્ટાચાર્યએ IIT ખડગપુર વતી સુરત આવીને ઉપરોક્ત સમારોહમાં ભદ્રેશદાસ સ્વામીને અર્પણ કર્યું હતું. ડૉક્ટર ઑફ સાયન્સ (D.Sc.) પદવીનું આ બહુમાન એક વિરલ સન્માન છે.

આ અવસરે, ડાયરેક્ટર પ્રો. તિવારીએ પસંદગીની ઝીણવટભરી પ્રક્રિયા પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, 'આશરે આઠસોથી વધુ ફેકલ્ટી સભ્યો અને IIT ખડગપુરના ત્રણસો સેનેટ સભ્યોએ સર્વાનુમતે આ પદ માટે ઘણા વ્યક્તિત્વો પૈકી ભદ્રેશ સ્વામીજીની પસંદગી કરવાનો નિર્ણય લીધો હતો. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય અને રાષ્ટ્રપતિશ્રી તરફથી સંમતિ મળ્યા બાદ અમે આની જાહેરાત કરીએ છીએ. આ સન્માન સ્વામી ભદ્રેશદાસને હિન્દુ તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના એક વિરલ વિદ્વાન તેમજ ભારતની પ્રગતિમાં યોગદાન આપનાર વૈશ્વિક વિદ્વાન તરીકેની તેમની ભૂમિકાને બિરદાવે છે.' ઉલ્લેખનીય છે કે ભદ્રેશદાસ સ્વામી તેમજ આ દુર્લભ અને અતિ પ્રતિષ્ઠિત સન્માન જેમને પ્રાપ્ત થયું છે તેમાં ગુગલના સીઈઓ શ્રી સુંદર પિચાઈ, ભારતમાં મેટ્રો ટ્રેનની ક્રાંતિ કરનાર શ્રી ઈ. શ્રીધરન્ જેવી વૈશ્વિક પ્રતિભાઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, ભદ્રેશદાસ સ્વામીને સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રદત્ત ડૉક્ટર ઓફ લિટરેચર(D.Litt.)નું સન્માન ભારતના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. ગુજરાતના રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્ય, યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો. નિરંજનભાઈ પટેલ, ડીન શ્રી ડૉ. પરેશભાઈ આચાર્ય અને રજિસ્ટ્રાર ડૉ. ભાઈલાલભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભદ્રેશદાસ સ્વામીને આ માનદ પદવી અર્પણ કરાઈ હતી. વાઇસ ચાન્સેલર ડૉ. નિરંજનભાઈ પટેલે સદીઓ જૂની ભાષ્ય પરંપરાને પુનર્જીવિત કરવામાં સ્વામી ભદ્રેશદાસની ભૂમિકાને બિરદાવી, તેને સંસ્કૃત અને સંસ્કૃતિમાં વિશેષ પ્રદાન ગણાવ્યું હતું.

આ સન્માન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતાં, ભદ્રેશદાસ સ્વામીએ આ સન્માનનો શ્રેય ભગવાન સ્વામિનારાયણ અને પોતાના ગુરુ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુ મહંત સ્વામી મહારાજનાં ચરણે ધરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રતિષ્ઠિત સન્માનો માત્ર તેમની વ્યક્તિગત સિદ્ધિઓને જ નહીં, પરંતુ સંસ્કૃતના સમૃદ્ધ વારસા અને ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતના વારસાનું પણ ગૌરવ કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત ભદ્રેશદાસ સ્વામી એક પ્રતિષ્ઠિત વૈશ્વિક વિદ્વાન છે, જે હિન્દુ તત્ત્વજ્ઞાન, માન્યતાઓ અને સંસ્કૃતિમાં તેમની વિદ્વત્તા માટે પ્રખ્યાત છે. વૈદિક સાહિત્ય અને ગ્રંથોના અભ્યાસની ચાર દાયકાની નોંધપાત્ર સફર સાથે, પ્રસ્થાનત્રયી પર મૌલિક સ્વામિનારાયણ ભાષ્યો રચીને મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ ભારત તેમજ વિશ્વના દિગ્ગજો અને સંસ્થાઓ તરફથી ભારતીય તત્વજ્ઞાનના ક્ષેત્રે વૈશ્વિક માન્યતા પ્રાપ્ત કરી છે. ◆



## પૂજ્ય બ્રહ્મપ્રકાશદાસ સ્વામી, અમદાવાદ, ઉં.વ. ૭૫, અક્ષરવાસ તા. ૧૩-૧૦-૨૦૨૩



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય પરમ ભક્ત શ્રી સોમેશ્વર પીઠવાના પૌત્ર તરીકે બાળપણથી જ સત્સંગથી રંગાયેલા બ્રહ્મપ્રકાશદાસ સ્વામીએ સન ૧૯૭૧માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે દીક્ષા ગ્રહણ કરી હતી. છેલ્લાં ૪૦ કરતાં વધારે વર્ષોથી અમદાવાદ ખાતે રહીને તેઓએ સંસ્થાના પ્રેસ અને પી.આર. વિભાગની સેવાઓ સંભાળી હતી. એક કુશળ સંવાદ લેખક તરીકે તેમણે ૧૦૮ સંવાદો લખીને સૌના માનસપટ પર પ્રેરક ચરિત્રોની અમીટ છાપ પાડી હતી. યજ્ઞપુરુષ સુખકારી, સંત પરમ હિતકારી તથા ગુણાતીત જીવન ગાથા, શહેનશાહે આલમ જેવી નૃત્ય નાટિકાઓ દ્વારા તેઓ સદા અમર રહેશે. સન ૧૯૪૭માં જન્મેલા પૂજ્ય બ્રહ્મપ્રકાશદાસ સ્વામીએ અમદાવાદ શાહીબાગ મંદિર ખાતે રહીને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર સંસ્થાની વિવિધ મહાન સેવાઓ કરી છે. ભુજના ભૂકંપ પછી પુનર્નિર્માણનું કાર્ય આગળ ધપાવવાથી માંડીને અનેકવિધ સરકારી દરબારી કાર્યોમાં તેમણે અણથક સેવાઓ આપી હતી. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની તેમણે ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. હરિભક્તોમાં સમજણ, નિષ્ઠા અને સંપ-સુહૃદભાવ-એકતાનું દૃષ્ટાંત પૂરું પાડતા આ સદા હસમુખા સંતની વિદાયથી સંસ્થાને ખૂબ મોટી ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## પૂજ્ય જ્ઞાનયજ્ઞદાસ સ્વામી, અમદાવાદ, ઉં.વ. ૬૯, અક્ષરવાસ તા. ૧૮-૧૦-૨૦૨૩



પૂર્વાશ્રમમાં આફ્રિકા ખાતે કેન્યામાં નૈરોબી ખાતે અને ત્યારબાદ લંડનમાં આવીને વસેલા જ્ઞાનયજ્ઞદાસ સ્વામીને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે દૃષ્ટિમાં લીધા હતા. તેમના પિતાશ્રી લીલાધર શાહે પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં તેમને સમર્પિત કર્યા અને સન ૧૯૭૫માં તેમને દીક્ષા આપી. ત્યારથી તેમનું શેષ જીવન સત્સંગ અને ભક્તિમય સૌને પ્રેરણાદાયક રહ્યું. શરૂમાં તેઓ સારંગપુર ખાતે સંત તાલીમ-કેન્દ્રમાં આવનાર સાધકોને તાલીમ આપતા. ત્યારબાદ અમદાવાદમાં ફિલોસોફીનો વધુ અભ્યાસ કર્યો. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તેમને સ્વામિનારાયણ અક્ષરપીઠમાં સાહિત્ય ભંડારમાં સેવા સોંપી. તેઓ દિવાળી કાર્ડ અને છેવટે અગરબત્તીના પ્રોડક્ટસ વગેરે કાર્યોનું ખૂબ ખંતથી સંચાલન કરતા. વર્ષોથી અમદાવાદ મંદિરે રહી સત્સંગ વિકાસમાં તેમણે આપેલો ફાળો અવિસ્મરણીય રહેશે. બાળપ્રવૃત્તિથી લઈને શહેરની સત્સંગપ્રવૃત્તિઓ સુધી વિવિધ કાર્યોમાં સતત ઉત્સાહ અને ખંતથી તેમણે મહત્ત્વપૂર્ણ સેવાઓ આપી. તેઓનું જીવન ખૂબ જ સાદાઈ અને કરકસરયુક્ત હતું. વાંચન અને કથાશ્રવણનું પણ સારું અંગ પાડેલું. મહિમાપૂર્ણ આત્મીયતાથી સૌને મદદ કરવાના તેઓના સ્વભાવને કારણે તેમણે સૌનો સ્નેહ પ્રાપ્ત કર્યો હતો. સંસ્થા પ્રત્યેના મમત્વપૂર્વક તેમણે અનેક લોકોને સત્સંગ કરાવ્યો હતો. જીવનભર સેવા-ભક્તિ કરી શ્રીજીમહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી સાધુમાં દિવ્ય રાખ થનાર તેઓને હૃદયથી શ્રદ્ધાંજલિ. સત્સંગમાં સેવા કરીને યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો ખૂબ રાજીપો પ્રાપ્ત કરી લીધો છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## પૂજ્ય પરમપ્રકાશદાસ સ્વામી, સુરેન્દ્રનગર, ઉં.વ. ૬૦, અક્ષરવાસ તા. ૧૫-૧૧-૨૦૨૩



સુરેન્દ્રનગર મંદિરમાં રહીને સેવા આપી રહેલા પૂજ્ય પરમપ્રકાશદાસ સ્વામીના અક્ષરવાસથી સુરેન્દ્રનગર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના સત્સંગને બહુ મોટી ખોટ પડી છે. પૂજ્ય પરમપ્રકાશદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે સન ૧૯૮૫માં દીક્ષા ગ્રહણ કરેલી. ત્યારબાદ ઘણાં વર્ષો સુધી અટલાદરા છાત્રાલયમાં રહી સેવા આપી હતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ સુરેન્દ્રનગર મંદિર ખાતે સંત નિરીક્ષક તરીકેની સેવા આપી રહેલા. તેઓનું જીવન ખૂબ જ નિયમિત, શિસ્તબદ્ધ અને સાદગીપૂર્ણ હતું. સેવા અને આહ્નિકમાં તેઓને ખૂબ ખટકો હતો. વાંચન અને કથાનું પણ સારું અંગ પાડેલું. મહિમાપૂર્ણ આત્મીયતાથી સૌને મળતા રહેવું અને ખાસ કરીને વિદ્યાર્થીઓને ઉચ્ચ જીવન અને કારકિર્દી નિર્માણ માટેની ખૂબ પ્રેરણા આપતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી અને અણીશુદ્ધ સાધુતા રાખીને સેવા-ભક્તિ કરી તેમણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી. સાધુમાં દિવ્ય રાખ થનાર તેઓને હૃદયથી શ્રદ્ધાંજલિ.

# આવો, તીર્થભૂમિ અયોધ્યામાં શ્રીરામજન્મભૂમિ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા અવસરે આપણે સૌ આનંદોત્સવ કરીએ...

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના દેશ-વિદેશનાં સર્વે મંદિરોના પૂજ્ય કોઠારી સ્વામી, પૂજ્ય નિર્દેશક સંતો, સર્વે કાર્યકર્તાઓ અને આબાલવૃદ્ધ સર્વે હરિભક્તો,

પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ વતી આપ સૌને હાર્દિક જય સ્વામિનારાયણ.

આપ સૌને સુવિદિત છે કે છેલ્લાં ૫૦૦ વર્ષથી ચાલી રહેલી સંઘર્ષમય, તપોમય, ભક્તિમય યાત્રાને કારણે આજે તીર્થભૂમિ અયોધ્યામાં ભગવાન શ્રીરામની જન્મભૂમિ પર ભવ્ય, દિવ્ય અને અલૌકિક શ્રીરામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, જેના પાયામાં અનેક સંતો-મહંતો-આચાર્યો-ભક્તોનું બલિદાન અને સમર્પણ છે. દેશ-વિદેશમાં વસતા કરોડો શ્રદ્ધાળુ હિન્દુઓનું હૃદય આજે ગૌરવ અને હર્ષથી પુલકિત છે કે સનાતન ધર્મ, ભારતીય સંસ્કૃતિનો વિશ્વમાં ડંકો વગાડતા ભગવાન શ્રીરામચંદ્રજીના આ ભવ્ય મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૨૨ જાન્યુઆરીના રોજ તીર્થભૂમિ અયોધ્યા ખાતે યોજાશે અને એક અપૂર્વ ઈતિહાસ રચાશે. ભગવાન શ્રીરામલલ્લાના આ વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠાના અવસરે સનાતન ધર્મના નિમંત્રિત પૂજનીય સંતશ્રીઓ, મહામંડલેશ્વરશ્રીઓ, મહંતશ્રીઓ, આચાર્યશ્રીઓ અને ધુરંધરો જોડાશે. આ સુવર્ણ પ્રસંગે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સંતો પણ જોડાશે.

સન ૧૯૫૩, ૧૯૫૬, ૧૯૬૯થી લઈને ઘણા સમયે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે, શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલન દરમ્યાન અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ પર ચાલતી અખંડ ધૂનમાં જોડાઈને, ભગવાન શ્રીરામલલ્લાના ચરણે પ્રાર્થના-યજ્ઞમાં આહુતિ અર્પણ કરી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૮૯માં શ્રીરામ શિલાનું પ્રથમ પૂજન કરીને મંદિરના પાયામાં પોતાની ભક્તિ અદા કરી હતી. તેઓ સમયે સમયે શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનનું સૂત્ર સંભાળતા પરમ ભગવદીય શ્રી અશોકજી સિંઘલ તથા વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી કાર્યકર્તાઓ, સંતો-મહંતો સાથે શ્રીરામ જન્મભૂમિ મંદિરના નિર્માણ અંગે વિમર્શ કરીને શ્રીરામ મંદિરના સર્વોત્તમ નિર્માણ માટે સેવામાં તત્પર રહ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજની સાથે તેઓના અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ શ્રીરામજન્મભૂમિ અયોધ્યા ખાતે ચાલતા ધૂન-યજ્ઞમાં સમયે સમયે જોડાયા છે. તેઓની આજ્ઞાથી મંદિરના નિર્માણમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ ભક્તિપૂર્વક અનુદાન પણ આપ્યું છે. વળી, સૌને સુવિદિત છે કે અયોધ્યા ભગવાન શ્રી સ્વામિનારાયણની બાળલીલાની ભૂમિ પણ રહી છે.

આ બધી સ્મૃતિઓ સાથે, શ્રીરામ જન્મભૂમિ પર થઈ રહેલા શ્રીરામ મંદિરના નિર્માણ તથા પ્રાણપ્રતિષ્ઠા અવસરનો અપાર હર્ષ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આબાલ-વૃદ્ધ સૌ કોઈને થઈ રહ્યો છે. ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં થનારા આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના અવસરે, તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ સંસ્થાનાં દેશ-વિદેશનાં તમામ મંદિરો અને લાખો હરિભક્તો નીચે જણાવ્યા મુજબ આનંદોત્સવમાં જોડાય તેવી સૌને વિનંતી છે. કાર્યક્રમમાં બી.એ.પી.એસ. બાલ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતી, મહિલા અને સંયુક્ત સત્સંગ કેન્દ્રો સહિત સૌએ શામેલ થવું.

- તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ભારત અને વિશ્વભરનાં તમામ બી.એ.પી.એસ. મંદિરોમાં સભાગૃહમાં ભારતીય સમય મુજબ સવારે ૧૦:૩૦ વાગે હરિભક્તોએ એકત્રિત થવું અને ભગવાન શ્રીરામચંદ્રજીની મૂર્તિ પધરાવીને વિશાળ સ્ક્રીન દ્વારા પ્રાણપ્રતિષ્ઠા અવસરના થઈ રહેલા લાઇવ પ્રસારણમાં જોડાવું. કોઈપણ કારણસર મંદિરમાં ઉપસ્થિત રહી શકે તેમ ન હોય તેવા હરિભક્તો પોતાના ઘરે લાઇવ ટેલિકાસ્ટમાં જોડાય. લાઇવ ટેલિકાસ્ટની વિશેષ વિગતો ટૂંક સમયમાં આપને પહોંચાડવામાં આવશે.
- સવારે અને સાંજે સૌએ મંદિરોમાં તેમજ પોતપોતાના

ઘરે દિવાળીની જેમ દીપ પ્રગટાવવા, તોરણો બાંધવાં અને રંગોળીઓ પૂરવી.

- પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની મુખ્ય આરતી વેળાએ સૌએ હાથમાં દીપ લઈને મહાઆરતી કરવી. ઘરે રહેલા હરિભક્તોએ ઘરમાં આરતી કરવી. આપણે ત્યાં સ્વયં પ્રભુ શ્રીરામ પધાર્યા છે તેવી આનંદ-અનુભૂતિ સાથે આરતીથી ભગવાન શ્રીરામલલ્લાને વધાવવા. બરાબર પ્રતિષ્ઠાની આરતી વેળાએ મંદિરોના ગર્ભગૃહમાં પણ અવશ્ય આરતી કરવી.
- આરતી બાદ અક્ષત અને પુષ્પો દ્વારા મંત્રપુષ્પાંજલિ દ્વારા ભગવાન શ્રીરામલલ્લાનું પૂજન-અર્ચન કરીને તેમને હર્ષોલ્લાસ અને જયજયકાર સાથે વધાવવા.
- અંતે સૌએ પ્રસાદ ગ્રહણ કરવો અને મીઠું મોં કરવું.
- આ કાર્યક્રમ લગભગ બે કલાક સુધી ચાલશે, તો અત્યારથી સૌએ પોતાના સમયની અનુકૂળતા કરીને અવશ્ય પોતાના પરિવાર, મિત્રો, સ્વજનો સાથે તેમાં જોડાવું.
- ભવિષ્યમાં જ્યારે અનુકૂળતા થાય ત્યારે પોતાની રીતે શ્રીરામ જન્મભૂમિ મંદિરની દર્શનયાત્રા અવશ્ય કરવી.

**એ જ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી**
**લિ.**
**સાધુ ઈશ્વરચરણદાસના જય સ્વામિનારાયણ**

**નોંધઃ** ઉપરોક્ત પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું જીવંત પ્રસારણ ભારતીય સમય મુજબ સવારે ૧૦:૩૦થી ૧૨:૩૦ દરમ્યાન થનાર હોવાથી, નોર્થ અમેરિકા સિવાય અન્ય તમામ દેશોમાં દિવસ કે રાત્રીનો અનુકૂળ સ્થાનિક સમય હશે, પરંતુ ન્યૂયોર્કના સમય મુજબ મધ્ય રાત્રિ પછી આ પ્રસારણ થનાર હોઈ, બધાને મંદિરમાં તે સમયે એકત્રિત થવાનું અનુકૂળ ન આવી શકે. આથી નોર્થ અમેરિકાનાં તમામ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરો અને સત્સંગ કેન્દ્રોમાં તા. ૨૧ જાન્યુઆરી ને રવિવારે, રવિ સત્સંગ સભા દરમ્યાન પ્રાણપ્રતિષ્ઠાના ઉપક્રમે શ્રી રામજન્મભૂમિ મંદિર અને ભગવાન શ્રીરામચંદ્રજીની વંદનાનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાશે, તેમાં સર્વે હરિભક્તોએ અવશ્ય ભાગ લેવો. આ કાર્યક્રમમાં તમામ બી.એ.પી.એસ. બાલ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતી, મહિલા અને સંયુક્ત સત્સંગ કેન્દ્રોએ જોડાવું. ◆

## અભિનંદન

**બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી સંતને અભિનંદન...**

### પૂજ્ય વિવેકનિષ્ઠદાસ સ્વામી, અટલાદરા : પીએચ.ડી. થયા...




બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અટલાદરામાં સેવા આપતા પૂજ્ય વિવેકનિષ્ઠદાસ સ્વામીએ 'મુખ્ય ઉપનિષદોની કથાઓ અને ઉપદેશોમાં અક્ષરપુરુષોત્તમ દર્શન' વિષય પર મહાનિબંધ રચીને વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ મહાનિબંધમાં તેઓએ મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી વિરચિત સ્વામિનારાયણ ભાષ્યના આધારે સમજાવ્યું છે કે મુખ્ય દસ ઉપનિષદોની પ્રત્યેક કથાઓ અને ઉપદેશવચનોમાં અક્ષરપુરુષોત્તમ દર્શન સમાયેલું છે.
પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનને નિરૂપતા સંશોધન-કાર્યની આ સેવા બદલ તેઓએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓને આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિવંદન...

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર — પ્રવેશ અંગે

સારંગપુર વિદ્યામંદિરમાં ધોરણ-૮, ૯ થી ઉચ્ચકક્ષાની JEE, NEETની તૈયારી IIT, NIT, MEDICAL તથા AIIMS વગેરેમાં પ્રવેશ માટે કરાવવામાં આવે છે. ગત વર્ષે ૨૦૨૩માં ૪૦% વિદ્યાર્થીઓને મૅડિકલ MBBS તથા IIT, NITમાં પ્રવેશ મળેલો છે. ધો. ૬ થી ૧૨ (Science/Commerce) (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)માં જેમણે એડમિશન લેવું હોય (ગુજરાત બોર્ડ) તેમણે ઈન્ટરવ્યૂ માટે જાન્યુઆરી/ફેબ્રુઆરી/માર્ચમાં આવવું.
ધો. ૬ અને ૭ થી NCERTના કોર્ષ ઉપરાંત ઉચ્ચ લેવલની તૈયારી કરાવવામાં આવે છે. ઈન્ટરવ્યૂમાં હાલના ધોરણની ગણિત તથા રીઝનિંગ, બેઝિક મેથ્સ તથા સત્સંગ વિષયની પરીક્ષા લેવાશે. એડમિશન ફોર્મ માટે Google link - https://forms.gle/wRARYE4csLykFYk9A અથવા નીચેનો QR Code Scan કરી ગૂગલ ફોર્મ સબમિટ કરવું ત્યારબાદ ફોન દ્વારા ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે. **ઈન્ટરવ્યૂ માટે :** ધો. ૧૧ માટે બોર્ડની પરીક્ષા/પરિણામ બાદ ત્રણ દિવસમાં તુરંત. **ઈન્ટરવ્યૂનો સમય :** સવારે ૧૦-૦૦ કલાકે નીચેના સરનામે.
**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ - ૩૮૨૪૫૦
**સંપર્ક :** ૯૯૯૮૯૯૫૫૭૭ / ૯૪૨૭૦૪૧૦૦૧







## અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું કળશ-પૂજન

આરબભૂમિ અબુધાબી ખાતે રચાઈ રહેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા વિધિ તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪, વસંત પંચમીના પવિત્ર દિને મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ભવ્યતાથી સંપન્ન થશે. આરબ રણમાં પદ્મની જેમ ખીલી ઊઠેલા આ મંદિરના શિખર પર સ્થાપિત થનારા કળશ-ધજાદંડ અને વિશિષ્ટ સંરચના 'ધ વોલ ઓફ હાર્મની'ની પ્રતિકૃતિનું વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી... (૧૧-૧૧-૨૦૨૩, ગોંડલ)

નોંધઃ ડિસેમ્બર-૨૦૨૩નો દળદાર 'અક્ષરધામ અંક' ટૂંક સમયમાં કાર્યકર્તાઓ દ્વારા આપને પહોંચાડવામાં આવશે.

Swaminarayan Prakash Gujarati, January-2024, Published on 1-1-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.





**બોચાસણ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ત્યાગાશ્રમ સ્વીકારતા ૫૭ સુશિક્ષિત નવયુવાનો...**

તીર્થધામ બોચાસણ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે તા. ૨૧ નવેમ્બરના રોજ ૨૦ સુશિક્ષિત નવયુવાનોએ પાર્ષદી દીક્ષા અને તા. ૨૨ નવેમ્બરના રોજ ૩૭ સુશિક્ષિત નવયુવાનોએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજનાં શ્રીચરણોમાં જીવન સમર્પિત કર્યું હતું. ભૌતિક સુખોને તિલાંજલિ આપીને ત્યાગનો માર્ગ અપનાવતા આ દીક્ષાર્થીઓને દીક્ષાંત આશિષ આપતાં સ્વામીશ્રીએ કહ્યું, 'બધા દીક્ષાર્થીઓને ધન્યવાદ છે. મોટી મોટી ડિગ્રી પ્રાપ્ત કરીને મહારાજ-સ્વામીની સેવા કરવા જ આવ્યા છો એટલે જીવન ધન્ય બનશે. મહારાજ-સ્વામીએ સામેથી જ આપણને સ્વીકાર્યા છે એટલે એમને નજર સામે રાખવાના ને એમની નજીક જવાનો પ્રયત્ન કરવાનો. આવી રીતે આપણે બધાએ સેવા-ભક્તિ કરીને જયજયકાર કરવાનો છે અને અક્ષરપુરુષોત્તમ મહારાજની નિષ્ઠા પ્રવર્તાવવાની છે.' આ પ્રસંગે પોતાના વહાલસોયા દીકરા અર્પનાર દીક્ષાર્થીઓનાં માતા-પિતા અને પરિવારજનોને પણ આ અમૂલ્ય સેવા બદલ ધન્યવાદ પાઠવતા સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas